

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા ગામમાં અંબે માં, આશાપુરા માં, કાલીકા માં, ગણપતી દાદા, ભૈરવજીના મંદીરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવ પુર્વક યોજાયો હતો. શોભાયાત્રામાં ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. હાથી, ઘોડા, ઊંટ અને બળદ ગાડામાં મુર્તીઓને બિરાજમાન કરી બેન્ડવાજાની શુરાવલી વચ્ચે ભક્તિમય વાતાવરણમાં વાજતે-ગાજતે અબીલ-ગુલાલની છોળો ઉડાડી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. માંકરોડા ગામમાં અંબે માં, આશાપુરા માં, કાલીકા માં, ગણપતી દાદા, ભૈરવજીના મંદીરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય યજમાન કિર્તીકુમાર રૂગનાથસિંહજી બારોટ, નયનાબેન કિર્તીકુમાર બારોટ, મીતુલભાઈ બ્રહ્મભટ્ટ, દેવાંગભાઈ બ્રહ્મભટ્ટ, પલાશભાઈ બ્રહ્મભટ્ટ, સમસ્ત બારોટ પરીવાર અને માંકરોડા ગ્રામજનો હતા. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યજ્ઞના મુખ્ય આચાર્ય શ્રી શામળાજી વિષ્ણું મંદીરના પુજારી પરેશભાઈ એસ. રાણા સહિત વિવિધ ઉચ્ચ કોટીના વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણોએ વૈદિક અને શાસ્ત્રોક્ત વિધિ વિધાન પુર્વક માંકરોડા ગામમાં અંબે માં, આશાપુરા માં, કાલીકા માં, ગણપતી દાદા, ભૈરવજીના મંદીરની પ્રાણપ્રતિષ્ઠા કરાવેલ હતો. ભિલોડા તાલુકાના માંકરોડા ગામમાં અંબે માં, આશાપુરા માં, કાલીકા માં, ગણપતી દાદા, ભૈરવજીના મંદીરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવ પુર્વક યોજાયો હતો. પુર્ણાહુતીના દિવસે ભાવિક ભક્તોના દર્શનાર્થે ઘોડાપુર ઉમટ્યા હતા. માંકરોડા ગામમાં નવિન મંદીરમાં ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને ભાવિક ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

# સરકારના સ્વરછતા અભિયાનનો છેદ ઉડાડતી ધનસુરા તાલુકા પંચાયત

## ધનસુરા તાલુકા મથક હોવા છતાં જાહેર શૌચાલયનો અભાવ

(જીતેન્દ્ર પટેલ) ધનસુરા, તા.૧૭

ગુજરાત રાજય ના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઘેર ઘેર શૌચાલયની વાતો સાથે ગુજરાત રાજયના ગામડાઓમાં ઘેર ઘેર શૌચાલય બનાવાની વાતો કરી રહયા છે ત્યારે આ સપનાઓના ધનસુરા તાલુકા પંચાયત છેદ ઉડાડતી હોય તેવુ દેખાઈ રહયુ છે.

અરવલ્લી જીલ્લાની ધનસુરા તાલુકાની તાલુકા પંચાયત ધ્વારા રાજય સરકારના સ્વરછતા અભિયાનના છેદ ઉડાડવાની પધ્ધતી સમગ્ર તાલુકા માંચર્ચાસ્પદ બની ગઈ છે. રાજય સરકાર ધ્વારા તાજેતરમાં સ્વરછતા અભિયાનને સફળ બનાવવા બજેટ માં અનેક જોગવાઈઓ કરેલ છે વ્યકતીગત ધોરણે શૌચાલયો બનાવવા નાગરીકો ને આર્થીક સહાય પણ આપવા માં આવી છે પરંતુ ધનસુરા નગર માં એક પણ જાહેર શૌચાલય ન હોવાથી આસપાસ ના ગામડાઓ માં થી આવતા પ્રજાજનો ને શરમ અને સકોંચ અનુભવે છે.

ધનસુરા તાલુકા મથક બન્યા પછી વેપાર ઉદ્યોગ અને ખરીદી માટે ગ્રામ્ય વિસ્તારો માં થી અનેક પ્રજાજનો ધનસુરા ખાતે આવન જાવન કરે છે સરકારી કચેરીઓ માં કામકાજ માટે આવતા અનેક નાગરીકો ને શૌચક્રીયા માટે કોઈ સગવડ ન હોવાથી મુશકેલીઓ સર્જાય છે ધનસુરા સ્ટેશન વિસ્તાર માં અને ચાર રસ્તા પર એક જાહેર શૌચાલય અતિ આવશ્યક છે ત્યારે ધનસુરા તાલુકા પંચાયતે પ્રજાની પ્રાથમીક જરૂરીયાત તરફ લક્ષ આપવુ જરૂરી બન્યુ છે જો તાલુકા પચાયત ધ્વારા આ દીશા માં યોગ્ય પગલા નહી ભરાય તો જન આંદોલન ના ભણકારા વાગી રહયા છે.



### પ્રાંતિજમાં માવઠાથી થયેલ નુકસાનીના વળતર માટે ખેડૂતોની માંગ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાતથી પણ વધારે ગામોના ખેડૂતો દ્વારા બે દિવસ પહેલા પડેલા વરસાદના કારણે થયેલ નુકશાન માટે પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંત કચેરીમાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. પ્રાંતિજ સહિત તાલુકામાં તા. ૧૪-૩-૨૦૧૫ના દિવસે અચાનક કમોસમી વરસાદ ગાજવીજ કડાકા અને બરફના કરા સાથે ૩ થી ૪ ઈંચ ફુંકાઈ આવતા પ્રાંતિજ તથા તાલુકાના બોભા, પોયડા, ઈન્દ્રાજપુર, સીતવાડા સહિત વિસ્તારોમાં અચાનક વરસાદ થતાં તૈયાર થયેલ પાક સંપૂર્ણ પણે નાશ થયો હતો અને ખેડૂતોના હાથમાં તૈયાર પાક જેવો કે તમાકુ-ઘઉં વગેરે પાક નિષ્ફળ ગયો હતો. આ અંગે ખેડૂતો દ્વારા કોંગ્રેસના પ્રાંતિજ-તલોદ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતકચેરી ખાતે ખેડૂતો દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું જેમાં ઝડપથી સર્વે કરાવી ખેડૂતોને તાત્કાલિક વળતર મળે તે માટે યોગ્ય તપાસ નિમવા જણાવ્યું હતું. (તસવીર : સંજય રાવલ)

# ડીસા ટેલીફોન કચેરી નજીક ગટરલાઈન દબાણ મામલે સ્થાનિકોને નોટીસ

ડીસા, તા.૧૭

ડીસામાં નગરપાલિકા દ્વારા તાજેતરમાં અનેક વિકાસલક્ષી કામો હાથ ધરેલા છે. જો કે તાજેતરમાં ડીસાની નવી ટેલીફોન કચેરી નજીકથી પસાર થતી ગટરલાઈનનું સમારકામ હાથ ધરાતા આ ગટર લાઈનનો વિવાદ છેડાયો છે કેમ કે ગટરલાઈન આજુબાજુ અનેકો શ્રમજીવીના મકાન આવેલા છે. જે તંત્રના રેકર્ડમાં દબાણ છે અને જેને તોડી પાડવા આ દબાણદારોને નોટીશો પણ અપાયેલ છે.

બનાસકાંઠાના ડીસામાં અનેકો શ્રમજીવી પરિવારો દાયકાઓથી કાચા પાકા મકાનો બનાવી અહીં વસવાટ કરે છે જેમાં ડીસા એસ.સી.ડબલ્યુ. સ્કુલ નજીકના રહીશો છેલ્લા ૪૦ વર્ષથી અહીં વસવાટ કરે છે જો કે તાજેતરમાં આ રહીશોને પાલિકા દ્વારા નોટીશ અપાયેલ છે જેમાં આ ગટરલાઈનનું સમારકામ હાથ ધરવાનું હોઈ આ ગટરલાઈનની બંને બાજુ દશ ફૂટના તમામ દબાણો તોડી પાડવા આદેશ કરાયો હતો અને વર્ષોથી રહેતા લોકો માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા તંત્રે આપી નથી જેથી આ પરિવારો કયાં જાય તે પ્રશ્ન મુખ્ય મુદો બન્યો છે. સ્થાનિક લોકોએ આ નોટીશોનો વિરોધ નોધાવી ન્યાય માંગ્યો છે અને સરકાર તેમને વૈકલ્પિક વ્યવસ્થા આપી આ દબાણો હટાવે તેવી માંગ કરેલ છે.

જયારે બીજી તરફ પાલિકાસૂત્રોએ જણાવેલ કે આ ગટરલાઈનની આજુબાજુ સફાઈ માટે કોઈ વાહન જઈ શકતુ નથી જેથી દબાણદુર કરાય વાહન જાય તેટલો રસ્તો ખુલ્લો કરાવવા આ દબાણો દુર કરવા કાર્યવાહી હાથ ધરી છે.

# જીપીએફની રકમ પરત મેળવવા ચાતક નજરે રાહ જોઈ રહેલા જીલ્લાના આચાર્યો અને કર્મચારીઓ

## એલ.એફ.નુ ઓડીટ બાકી છે તેવો અધિકારીઓનો ઉડાઉ જવાબ

(જીતેન્દ્ર પટેલ) ધનસુરા, તા.૧૭

હાલ સમગ્ર રાજયમાં ફીકસ પગારના કર્મચારીઓ ફુલ પગાર કરવાની સમયમર્યાદા ઓછી કરવા સરકાર સામે આંદોલન કરી રહયા છે ત્યારે બીજી બાજુ આ શિક્ષકો અને આચાર્યોને નિવૃત થયા પછી પણ સરકારી અધિકારીઓની એક બીજાની ખો આપવાની નીતીના કારણે નિવૃત થયા પછી પણ પોતાની જમા થયેલી જીપીએફની રકમ પરત મેળવવા માટે ચાતક નજરે રાહ જોવાનો વારો આવ્યો છે.

સાબરકાંઠા જીલ્લામાંથી વર્ષ ૨૦૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ છેલ્લા ચાર વર્ષોથી ઉંમરના કારણે નિવૃત થયેલ કર્મચારીઓ, આચાર્યો, કલાર્કો, શિક્ષકો માધ્યમીક અને ઉચ્ચ્તર માધ્યમીકની પોતાના હકની બચત કરેલ જીપીએફની રકમ પણ આજદીન સુધી મળી નથી આ માટે કોની જવાબદારી ???? સરકાર ફીકસ કરશે???

આ ગુજરાતનુ વીકાસ મોડેલ છે આ વિકાસ ગણાય છે કેટલાક બીચારા કર્મચારીઓ સ્વર્ગે પણ પહોચી ગયા છતાં પણ તેમને પોતાની જમા થયેલી રકમ હજુ સુધી મળી નથી તો શુ આને સરકારનો વિકાસ કહેવાય??? જવાબદાર કર્મચારીઓ ધ્વારા પણ આ શિક્ષકોને ઉડાઉ જવાબ આપવામાં આવે છે કે હજુ સુધી એલ.એફ.નુ ઓડીટ બાકી છે તેવુ બહાનુ બનાવી રહયા છે એ અંદાજ પ્રમાણે જોવા જઈએ તો જીલ્લામાં ૩૦૦ થી ૪૦૦ જેટલા કર્મચારીઓના જીપીએફની રકમ પરત આપવી હોય અને ખરેખર જો એલ.એફ.ના ઓડીટનુ બહાનુ બતાવતા હોય તો એલ.એફ.નુ ઓડીટ કરવુ એ માત્ર એક અઠવાડીયાનુ કામ છે જયારે ચાર ચાર વર્ષ જેટલો સમય વિતી ગયો હોવા છતાં પણ જીપીએફ પરત મેળવવા માટેના કોઈ ઠેકાણુ નથી.

શુ આ નાણા ચાઉ થઈ ગયા છે????કે પછી કોઈ વહીવટી ગોટાડા છે???? કે અત્યાર સુધી આ રકમ પરત મળવા પામી નથી એકન્ડીશન માં બેઠેલા મંત્રીઓ અને અધિકારીઓ આ બાબતને ધ્યાને લેશે ખરા???? કે પછી જે દીલ્લીમાં પરીણામ આવ્યુ એ ગુજરાતમાં ચાર વર્ષ પછી બનશે તે બાબતને નકારી શકાય નહી ‘‘પોતાનો વિકાસ એ અન્યનો વિકાસ’’ આવા સ્લોગન વાડી સરકાર આવનારી વિધાનસભાની ચૂંટણીઓમાં આ અંગે જલ્દીથી યોગ્ય ન્યાય નહી મળે તો જનતા જવાબ આપશે તેમાં કોઈ બે મત નથી.

# બાયડના ધારાસભ્યએ વિધાનસભામાં અરવલ્લી જીલ્લા અને તાલુકા પંચાયતમાં ખાલી જગ્યાઓના મહેકમ અંગેનો પ્રશ્ન ઉઠાવ્યો

## અરવલ્લીમાં ૧૪૫ ના મહેક્મ સામે માત્ર ૨૩ જગ્યાઓ ભરાઈ

(સમીર બલોચ) મોડાસા, તા.૧૭

સાબરકાંઠા માં થી અરવલ્લી જીલ્લો અલગ થયે આજે દોઢ વર્ષ જેટલો સમય વિતી ગયો છે અરવલ્લી માં જીલ્લા કક્ષા ની તમા કચેરીઓ કાર્યરત થઈ ગઈ છે જો કે હાલ એક પણ કચેરી પાસે પોતાનુ અલાયદુ મકાન નથી જેના કારણે હાલ આ કચેરીઓ ભાા ના મકાન માં કે પછી સરકારી કચેરી માં અલગ વિભાગ બનાવી આ કચેરીઓ ચાલી રહી છે જયારે બીજી બાજુ જોવા જઈએ તો નવી કચેરીઓ બનાવાની તૈયારીઅ તડામાર ચાલી રહી છે પરંતુ આ કચેરીઓ રાતોરાત તો તૈયાર થઈ જવાની નથી તે બનાતા સમય તો લાગશે તે બે મત નથી પરંતુ આ કચેરીઓ ની વાત સાઈડ પર મુકીએ પરંતુ આ કચેરીઓ માં કર્મચારીઓ ની ભરતી કરવાની સત્તા તો સરકાર



પાસે છે સરકાર ધ્વારા મહેકમ ની ફાળવણી કરી જગ્યાઓ ભરાય તેમ છે પરંતુ છેલ્લા દોડેક વર્ષ થી માત્ર આ કચેરીઓ માં નામ પુરતુ જ મહેકમ ભરવામાં આવ્યુ છે નવરચિત અરવલ્લી જીલ્લ માં ૧૪૫ નુ મહેકમ રાજય સરકારે મંજુર કર્યુ છે પરંતુ ૩૧/૧/૨૦૧૫ ની સ્થીતએ જોવા જઈએ તો ૧થી ૪ મા માત્ર ૨૩ જગ્યાઓ ભરાયેલી જિલ્લા માં વર્ગ ૧ માં ૧૦ જગ્યાઓ મંજુર છે તેની સમો માત્ર ૨ જ જગ્યાઓ પર અધિકારીઓની નિમણુક કરાઈ છે જયારે આ અંગે વિધાનસભા માં બાયડ માલપુર ના ધારાસભ્ય મહેન્દ્રસસિંહ વાઘેલા એ અરવલ્લી જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયત માંખાલી જગ્યાઓ અને મહેકમ અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો જયારે હજુ વર્ગ ૧ ના આઠ અધિકારીઓ ની દોઢ વર્ષ વીતી ગયુ હોવા છતાં પણ જગ્યાઓ ભરાઈ નથી જયારે મંજુર મહેકમ માં સૌથી વધુ વર્ગ ૩ ના ૧૦૧ કર્મચારીઓ ની સામે માત્ર ૧૭ જ ઝયાઓ અત્યાર સુધી ભરાઈ હોવાની ચોકાવનારી વિગતો બહાર આવી છે.

જયારે હજુ સુધી ૮૪ જગ્યાઓ ભરવાની બાકી છે જયારે ૧૬ ટકા જેટલુ મહેકમ ભરાતા મોટા ભાગની જગ્યાઓ ચાર્જ થી ચાલી રહી છે તેમાંય જીલ્લા પંચાયત ભલે મોડાસા માં શરૂ થઈ હોય પરંતુ સાબરકાંઠા ના કર્મચારીઓ ને તેનો ચાર્જ સોપાયો છે.

આ જ રીતે કેટલીય કચેરીઓ ના વડા બે જીલ્લા ના ચાર્જ ઉપર છે વર્ગ ૧ ની અગત્ય ની જગ્યાઓ ન પુરાતા લોકો ને ભારે હાલાકી ભોગવવી પડે છે સાથે જ કર્મચારીઓ ની ભરતી ન થઈ હોવાથી જીલ્લો અલગ થયો હોવા છતાં પ્રજાને મુશ્કેલીઓ નડે છે જયારે આ અંગે બાયડ માલપુર ના ધારાસધ્ય એ આ અંગે પ્રશ્ન ઉઠાવતા અત્યાર સુધી માત્ર ૨૩ જગ્યાઓ જ ભરાઈ હોવાનુ બહાર આવ્યુ છે.



પાલનપુર નગરપાલિકાના બિલ્ડીંગમાં બનાવવામાં આવેલ હોલનું વાસ્તુ પૂજન કરી યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં પાલિકાના પદાધિકારી અને અગ્રણીઓ હાજર રહ્યા હતા. (હરેશ જોષી, પાલનપુર)

# ડીસાની ડિસન્ટ હોટલ નજીકથી ૨૫ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ડીસા, તા. ૧૭

ડીસા પંથકમાં દારૂની બદીને નાથવા જિલ્લા પોલીસ વડાની સૂચનાએ ડીસા પોલીસે ગત રાત્રિએ ભોયણ નજીક વોચ ગોઠવી હતી. જેમાં એક શકમંદ જીપડાલાને અટકરાવી તલાશી લેતા તેમાંથી વિદેશી બનાવટનો અઢી લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ અંગે ડીસા તાલુકા પોલીસે ત્રણ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગેની વિગત એવી છે કે ડીસાના ભોયણ ગામ નજીક ગત રાત્રીએ તાલુકા પી.આઈ. રઘુવીરસિંહ ભદોરીયા અને તેમની ટીમે માર્ગ પર વોચ ગોઠવી હતી. અને વાહન ચેકીંગ કરી રહ્યા હતા. દરમિયાન એક શકમંદ જીપડાલુ આવતા તેની તપાસ કરી હતી. જેમાંથી રૂ. ૨.૪૭ લાખની બિયરની બોટલો અને ત્રણ મોબાઈલ કિ.રૂ. ૧૫૦૦ તેમજ જીપડાલુ મળી સાડા છ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે આ દારૂના ગુનામાં સતારખાન રહીમ મુસલા (રહે. ધાનોલ રાજસ્થાન), મિતેશ ઉર્ફે કાન્તીલાલ ઠાકર (રહે. વેલુનગર ડીસા) અને મુકેશ કાન્તીલાલ ઠક્કર (રહે. ભોયણ)ની ધરપકડ કરી હતી અને ત્રણેય ઈસમો સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ખેડબ્રહ્મામાંથી દારૂ ઝડપાયો

ખેડબ્રહ્મા શહેરના ચાંપલપુર વસાહત પાસેથી પસાર થતા આંતરીના ભગોરા અમરાભાઈ ધનાભાઈ પોતાના સ્કૂટર નં. જી.જે.૯.કે. ૪૭૫ર બે બાજુ પોલીથીન બેગમાં ૩૫ પ્લાસ્ટીકની થેલીમાં ૧૦૦ લીટર દારૂ લઈ જતા હતા તે સમયે પોલીસને જોઈ જતાં તેઓ સ્કૂટર મુકી ફરાર થઈ ગયા હતા. દારૂ અંદાજે કિં.૨૦૦૦ અને સ્કૂટરની અંદાજે રૂ. ૫૦૦૦ મળીને રૂ. ૭૦૦૦નો મુદ્દા માલ જપ્ત કર્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦